# A DETAILED REPORT OF THE PROGRAMME/ACTIVITY

| NATIONAL CADET CORPS | |
|---|---|
| Regular Activity of NCC Unit 2016-17 to 2020-21 | |
| **Name of subject/dept/committee** | **NCC** |
| **Convener's Name/s:** | **Prof. Rajesh P. Ganava, ANO** |

ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસાNCC (National Cadet corps) (રાષ્ટ્રનાં સૈન્ય છાત્ર) નો વાર્ષિક અહેવાલ ૨૦૧૬-૨૦૧૭

ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં દર વર્ષે એન.સી.સી. દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ થાય છે. જેના ભાગ રૂપે ચાલુ વર્ષ ૨૦૧૬-૨૦૧૭ નાં વર્ષમાં પણ જુદી જુદી પ્રવૃતિઓ કરવામાં આવી છે. એન.સી.સી.નો અહેવાલ આપની સમક્ષ પ્રસ્તુત કરવામાં આવે છે.

જુન-૨૧,૨૦૧૬ ઇન્ટરનેશનલ યોગા ડે ની ઉજવણી કરવામાં આવી તે નિમિત્તે અમદાવાદ GMDC ગ્રાઉન્ડ ખાતે સૌથી મોટી માનવ સાંકળ રચી યોગા કરવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો છે. જેમાં આપણી કોલેજનાં એન.સી.સી.નાં કેડેટોએ પણ ભાગ લઇ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં યાદગાર ભૂમિકા અદા કરી છે તે બદલ તમામ કેડેટોને કોલેજ વતી અભિનંદન પાઠવું છું.

ચાલુ વર્ષ ૨૦૧૬-૨૦૧૭ નાં જુલાઇમાં એન.સી.સી. ૭,ગુજ.બટાલીયન મહેસાણાના પી.આઇ.સ્ટાફ દ્વારા B.A./B.Com Sem-I માં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓ એન.સી.સી.માં જોડાઇ ભારતીય સેનાની ત્રણે પાંખ હવાઇદળ, ભુમિદળ, અને નૌકાદળમા; જોડાય તેવા ઉમદા આશયથી કોલેજનાં સભાસંખડમાં એક મોટીવેશન પ્રેરણાદાયી વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યુ અને જેમાં B.A./B.Com Sem-I ના કુલ મળી ૧૫૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો.

ત્યાર બાદ તા.૧૪/૭/૨૦૧૬ નાં રોજ એન..સી.સી. માટે B.A./B.Com Sem-I કુલ-૧૭ નવા કેડેટોનું તેમની શારીરિક યોગ્યતા અને શૈક્ષણિક યોગ્યતાને ધ્યાનમાં લઇ સિલેકશન કરવામાં આવ્યુ.

ત્યાર બાદ તા.૨૭/૬/૨૦૧૬ થી તા.૦૬/૦૭/૨૦૧૬ સુધી અમદાવાદ લો ગાર્ડન મુકામે એક C.A.T.C કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં આપણી કોલેજનાં કુલ -૦૭ કેડેટોએ આ કેમ્પમા ભાગ લીધો હતો. જેમાંથી (૧) જેહાતર કલ્પેશ, ચૌધરી ભાવેશ, અદાવત શૈલેષ અને વાણેચા દશરથ નો ઉમરેઠ(આણંદ) મુકામે યોજાનાર TSC કેમ્પ માટે સિલેકશન થયુ હતુ.

ત્યાર બાદ અમદાવાદ લો ગાર્ડન ખાતે બીજા એક C.A.T.C કેમ્પનું આયોજન થયુ. જેમાં આપણી કોલેજનાં એન.સી.સી.નાં કુલ-૦૭ કેડેટોએ ભાગ લીધો હતો. જેમાંથી જેહાતર કલ્પેશ અને અદાવત શૈલેષનું થામણા TSC કેમ્પ માટે સિલેકશન થયુ હતુ.

ત્યાર બાદ તા.૦૬/૯/૨૦૧૬ થી તા.૧૫/૦૯/૨૦૧૬ દરમ્યાન અમદાવાદ ખાતે 7 Guj.BN,MSN દ્વારા C.A.T.C. કેમ્પનું આયોજન થયું જેમાં આપણી કોલેજનાં કુલ-૧૦ કેડેટોએ ભાગ લીધો હતો અને કેમ્પ દરમ્યાન થતી વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લઇ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

ત્યાર બાદ તા.૨૬/૦૯/૨૦૧૬ થી તા.૫/૧૦/૨૦૧૬ દરમ્યાન અમદાવાદ લો ગાર્ડન ખાતે C.A.T.C કેમ્પનું આયોજન અમદાવાદ ખાતે થયુ. જેમાં આપણી કોલેજનાં કુલ-૦૯ કેડેટોએ ભાગ લીધો હતો. જેમાં ચૌધરી ભાવેશને મેસમાં ઉત્તમ કામગીરી કરવા બદલ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ 7 Guj.BN,MSN દ્વારા એન.સી.સી.નાં કેડેટો માટે એક રાયફલ તાલીમનું આયોજન આપણી કોલેજનાં સભાખંડમાં કરવામાં આવ્યુ હતુ જેમાં કુલ-૨૩ કેડેટોએ તાલીમ લીધી હતી.

ત્યાર બાદ તા.૦૯/૧૧/૨૦૧૬ થી તા.૧૮/૧૧/૨૦૧૬ સુધી ફરીવાર અમદાવાદ લો ગાર્ડન ખાતે C.A.T.C કેમ્પનું આયોજન થયુ. જેમાં આપણી કોલેજનાં કુલ-૦૪ કેડેટોએ આ કેમ્પમાં ભાગ લીધો હતો.

ત્યાર બાદ તા.૨૦/૧૨/૨૦૧૬ થી તા.૨૯/૧૨/૨૦૧૬ સુધી અમદાવાદ લો ગાર્ડન ખાતે C.A.T.C કેમ્પનું આયોજન થયુ. જેમાં આપણી કોલેજનાં એક કેડેટ ગુંજાર નરસિંહ એ આ કેમ્પમાં ભાગ લઇ ઉતકૃષ્ટ દેખાવ કર્યો હતો.

ત્યાર બાદ તા.૦૧/૦૨/૨૦૧૭ થી તા.૧૦/૦૨/૨૦૧૭ સુધી અમદાવાદ લો ગાર્ડન ખાતે C.A.T.C કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જે કેમ્પમાં આપણી કોલેજનાં કુલ-૦૮ કેડેટોએ ભાગ લીધો હતો. આ દસ દિવસનાં કેમ્પ દરમ્યાન આપણી કોલેજનાં કોમર્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરતી મહીલા કેડેટ મહીમા જાનીએ બેસ્ટ ડ્રીલ માટે ગોલ્ડ મેડલ મેળવેલ છે. અને કંપની સિનિયર રહી કેડેટ લોધા મનોજ નાઓએ પણ ૧ ગોલ્ડ મેડલ મેળવેલ છે. તથા કેડેટ ધુંખ કિરણકુમાર સુરસંગજી નાઓએ બેસ્ટ કમાન્ડર તરીકે ઉત્કૃષ્ટ દેખાવ કરી તેઓએ પણ ગોલ્ડ મેડલ મેળવેલ છે.

તયાર બાદ ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસા અને ડીસા શહેર ટ્રાફીક પોલીસનાં સંયુકત ઉપક્રમે તા.21/02/૨૦૧૭ ના રોજ એક દિવસીય ટ્રાફિક નિયમનનો કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં ડીસા શહેરના જુદા જુદા પોઇન્ટો ઉપર ઉભા રહી લોકોમાં ટ્રાફીક અંગે જાગૃતિ કેળવાય તેવા આશયથી કોલેજનાં કુલ-૧૨ કેડેટોએ ટ્રાફિકનું નિયમન કર્યુ હતુ.

વર્ષ દરમ્યાન એન.સી.સી.નાં કેડેટોની ગ્રેડ-B અને ગ્રેડ-C ની પરીક્ષા લેવામાં આવે છે. જેમાં આપણી કોલેજનાં ગ્રેડ-B ની પરીક્ષા કુલ-૮ કેડેટોએ પાસ કરી છે. અને ગ્રેડ-C ના કુલ-૮ કેડેટોએ પરીક્ષા પાસ કરી છે.જે પાસ થનાર વિદ્યાર્થીઓને કોલેજ વતી અભિનંદન પાઠવું છુ.

આ ઉપરાંત એન.સી.સી.નાં કેડેટો આપણા દેશની સીમા(બોર્ડર)થી પરીચિત થાય તેવા આશયથી એક દિવસીય સીમા(બોર્ડર) દર્શન માટે નડાબેટ ખાતે કેડેટોને લઇ જવાનું આયોજન કરવામાં આવેલ હતુ. પરંતુ ઇન્ટરનલ પરીક્ષા હોવાનાં કારણે આયોજન મોકુફ રાખવામાં આવેલ હતુ. અને હવે આવતાં અઠવાડીએ એન.સી.સી.નાં કેડેટોનો સીમા દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

તે ઉપરાંત ભારતીય સૈન્ય દ્વારા તા. 10 / 12 / 16 નાં રોજ હિંમતનગર ખાતે લશ્કરી ભરતી મેળો રાખવામાં આવેલ હતો અને જેમાં આપણી કોલેજનાં એન.સી.સી.નાં કેડેટો તેમજ અન્ય વિદ્યાર્થી નાઓએ ભાગ લીધો હતો. જેમાં એન.સી.સી.નાં કુલ-6 કેડેટો જેમાં (૧) ચૌધરી અશોક (૨) ચરમટા અમરત (3) ચમાર ભરત (4) જાટ કેશાજી (5) સોલંકી વિષ્ણુસિંગે સૈન્યની પરીક્ષા ઉતિર્ણ થઇ એન.સી.સી.તથા ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસાનું નામ રોશન કર્યુ છે. હવે ટુંક સમયમાં તેઓ ભારતીય સૈન્યમાં જોડાવા જઇ રહયા છે. તેઓને મારા વતી તથા કોલેજ વતી અભિનંદન પાઠવું છુ. (6) [illegible]

છેલ્લે એન.સી.સી.કેડેટોમા સિનિયર રહી લોધા મનોજકુમારે કરેલ ઉત્કૃષ્ટ કામગીરીને બીરદાવી તેને અભિનંદન પાઠવીએ છીએ. ધન્યવાદ

# NCC વાર્ષિક અહેવાલ-૨૦૧૭-૧૮

સને ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમ્યાન એન.સી.સી.દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ કરવામાં આવેલ હતી. જેનો અહેવાલ આ મુજબ છે.

(૧) સત્રની શરૂઆતમાં ૨૧ મી જુન વિશ્વ યોગ દિવસની ઉજવણી સ્પોર્ટ ડીપાર્ટમેન્ટ અને એન.સી.સી.નાં સંયુકત ઉપક્રમે કરવામાં આવી હતી.

(૨) એન.સી.સી.માં નવા કેડેટોની ભરતી તા.૧૩/૭/૨૦૧૭ નાં રોજ કેડેટોની ફીઝીકલ ફીટનેશનાં આધારે SD-૨૪ (બોઇઝ) અને SW-૬(ગર્લ્સ) કરવામાં આવી હતી. તે સાથે કોલેજમાં પ્રથમ વર્ષમાં-30, બીજા વર્ષમાં -૧૨ અને ત્રીજા વર્ષમાં-૦૯ મળી કુલ-૫૨ એન.સી.સી.કેડેટો કોલેજમાં અભ્યાસ કરી રહ્યા છે.

(3) વર્ષ દરમ્યાન એન.સી.સી.કેટેટો માટે વિવિધ કેમ્પોનું આયોજન 35 GUJ BN Palanpur, 7 GUJ BN Mahesana & 9 GUJ BN Ahmadabad દ્વારા અમદાવાદ ખાતે કરવામાં આવેલ જેમાં કોલેજના કેડેટોએ ભાગ લઇ કેમ્પ દરમ્યાન વિવિધ ઇવેન્ટોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી, કોલેજનું સન્માન વધાર્યુ છે.

જે CATC (Combine Annual Training Camp) કેમ્પોનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ હતુ.

(૧) તા.૨૮-૬-૨૦૧૭ થી તા.૦૭-૦૭-૨૦૧૭ કુલ કેડેટ-૬

(૨) તા.૨૪-૮-૨૦૧૭ થી તા.૦૮-૪-૨૦૧૭ કુલ કેડેટ-૬

(3) તા.૦૫-૯-૨૦૧૭ થી તા.૧૪-૯-૨૦૧૭ કુલ કેડેટ-૬

(૪) તા.૧૪-૧૧-૨૦૧૭ થી તા.૨૩-૧૧-૨૦૧૭ કુલ કેડેટ-૭

(૫) તા.૧૦-૧૨-૨૦૧૭ થી તા.૧૯-૧૨-૨૦૧૭ કુલ કેડેટ-૫

(૬) તા.૨૦-૧૨-૨૦૧૭ થી તા.૨૯-૧૨-૨૦૧૭ કુલ કેડેટ-૬

(૭) તા.૨૯-૧૨-૨૦૧૭ થી તા.૭-૧-૨૦૧૮ કુલ કેડેટ-૭

(૮) તા.૦૧-૦૨-૨૦૧૮ થી તા.૧૦-૨-૨૦૧૭ કુલ કેડેટ-૧

જ કેમ્પો દરમ્યાન કેડેટોએ નીચે મુજબ ટ્રોફી અને મેડલો પ્રાપ્ત કરેલ છે.

| Sr. No. | Name of Student | Event | Rank |
|---|---|---|---|
| 1. | Vaghela Natvarji Dahyaji | 1.BHM<br>(Battalion Havildar Major )<br>2.CHM<br>(Company Havildar Major ) | 1 Trophy<br>1-Silver Medal |
| 2. | Chaudhary Bhaveshkumar Dalaji | 1.RP Havildar<br>(Regiment police)<br>2.Tabel Drill<br>3.Mass commander<br>4.Firing<br>5. CHM<br>(Company Havildar Major ) | 1 Trophy<br>1-Silver Medal<br>2- Silver Medal<br>3-Gold medal<br>1-Silver Medal |
| 3. | Chaudhary Sangitaben vastabhai | Kho-Kho | 1-Silver Medal |
| 4. | Jehatar Kalpeshkumar Bharatbhai | 1.RP Havildar<br>(Regiment police) | 1-Trophy |
| 5. | Chaudhari Jayantibhai Genabhai | 100 M.Running | 1-Gold Medal |
| 6. | Prajapati Motibhai Prabhubhai | Kabadi | 1-Gold Medal |
| 7. | Lohana Riddhi Sevantilal | Best Cadet | 1-Gold Medal |
| 8. | Jani Mahima Ghansyambhai | Best Drill | 2-Gold Medal |
| 9. | Vedanchiya Alkeshbhai Navghanji | Best Drill<br>Mass commander<br>Table Drill | 1-Gold Medal<br>2-Silver Medal |
| 10. | Padhiyar Dashrathbhai Mafalal | 100 M. Running<br>5000 M.Running<br>Group Dance | 3-Gold Medal<br>RDC-Delhi |
| 11. | Chaudhari Ajaykumar Hemrajbhai | Mass commander | 1-Silver Medal |
| 12 | (1) Vaghela Natvarji Dahyaji<br>(2) Chaudhary Bhaveshkumar Dalaji | National Camp-<br>Culture Activity | 1 Trophy |

**4- Trophy, 12-Gold Medal, 9-Silver Medal**

(૪) કેડેટોમાં દેશપ્રેમની ભાવનાં કાયમ રહે તે માટે કેડેટો દ્વારા ૧૫ મી ઓગસ્ટ સ્વતંત્રતા દિન અને ૨૬ જાન્યુઆરી પ્રજાસતાક દિનની ઉજવણી પણ એન.સી.સી.કેડેટો દ્વારા કરવામાં આવે છે.

(૫) એન.સી.સી.નાં કેડેટોનું એક સ્વપ્ન હોય છે એક તમન્ના હોય છે કે, તેઓ એક વખત ૨૬ જાન્યુઆરી પ્રજાસતાક દિનની પરેડમાં ભાગ લેવો, તે માટે RDC કેમ્પમાં સિલેકશન થવુ પડે. જેમાં કોલેજનાં કેડેટ પઢીયાર દશરથ મફાલાલએ ખુબજ મહેનત કરી, 35 GUJ BN Palanpur, 7 GUJ BN Mahesana & 9 GUJ

BN Ahmadabad નાં કેડેટોમાંથી પસંદગી પામી અને ૨૬ જાન્યુઆરી પ્રજાસતાક દિનની પરેડમાં ભાગ દિલ્હી ખાતે ભાગ લઇ કોલેજ તથા બટાલીયનનું નામ રોશન કર્યુ છે.

(૬) તા.27/02/2018 TSC-Shooting કેમ્પનું આયોજન 35 GUJ BN Palanpur દ્વારા દાંતીવાડા ખાતે બી.એસ.એફ ફાયરીંગ રેન્જ ખાતે કરવામાં આવ્યુ હતુ. જેમાં કોલેજનાં કેડેટો

(૧) પઢીયાર દશરથભાઇ મફાલાલ (૨) પ્રજાપતિ મોતીભાઇ પ્રભુભાઇ (૩) પરમાર જશુભા ભરતસિહ (૪) ઓડ વંદનાબેન પોખરાજભાઇ (૫) રાઠોડ શિલ્પાબેન દશરથભાઇ નાઓએ ભાગ લીધેલ હતો. જેમાં કેડેટ પરમાર જશુભા ભારતસિહ નાઓ સમગ્ર બટાલીયનમાં ફાયરીંગમાં પ્રથમ તેમજ પઢીયાર દશરથ, પ્રજાપતિ મોતી તેઓનું ફાયરીંગમાં સિલેકશન થયેલ છે.

(૭) વર્ષ દમ્યાન એન.સી.સી.દ્વારા બી-સર્ટીફીકેટ. અને સી-સર્ટીફીકેટની પરીક્ષા લેવામાં આવે છે જેમા બી-સર્ટીમાં-૧૨ અને સી-સર્ટીમાં -૮ કેડેટો ઉતિર્ણ થયેલ છે.

(૮) વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ ગવર્નમેન્ટ દ્વારા લેવામાં આવે છે. જેમાં ગત વર્ષ-૨૦૧૬-૨૦૧૭ માં એન.સી.સી.નાં કુલ-૬ કેડેટો ભારતીય સેનામાં ભરતી થઇ પોતાની કારકીર્દી બનાવેલ છે. તે જ પ્રમાણે ચાલુ વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં પણ એન.સી.સી.નાં કુલ-૦૯ કેડેટો જેમા

<u>ભારતીય સેનામાં</u>

(૧) ચરમટા ભરતભાઇ પીરાભાઇ (૨) અલાવત શૈલેષકુમાર (૩) જાટ કેશાજી (૪) સોલંકી વિષ્ણુભાઇ ગણપતભાઇ (૫) વાઘેલા રાહુલ (૬) પરમાર અમરતભાઇ (૭) પરમાર કિરણભાઇ તથા

<u>ગુજરાત પોલીસમાં</u>

(૧) જાની મહીમાબેન ધનશ્યામભાઇ (૨) મોદી વિપુલભાઇ બાબુભાઇ નાઓ સિલેકશન પામી પોતાની કારકીર્દીની શરૂઆત કરેલ છે. અન્ય કેડેટો પણ પોતાની કારકીર્દી બનાવવામાં સફળ થાય તેવી શુભકામના.

વર્ષ દરમ્યાન કોલેજનાં એન.સી.સી.નાં સિનીયર કેડેટ વાઘેલા નટવરજીનો આભારી છું કે, તેઓએ કોલેજનાં એન.સી.સી.યુનિટનું દરેક કામ ખુબજ નિષ્ઠા, ઇમાનદારી પુર્વક કરી, યુનિટને ચલાવવામાં પોતાનો અમુલ્ય ફાળો આપ્યો છે. તે ઉપરાંત પ્રો.દિવ્યા એલ પીલ્લઇ નો વિશેષ આભારમાનું છું કે, તેઓએ ત્રણ મહીના સુધી પોતાનું કામ ઉપરાંત કોલેજના એન.સી.સી. યુનિટને ચલાવવામાં પોતાનો અમુલ્ય ફાળો આપ્યો છે. તે બદલ તેઓનો આભારી છું. તે ઉપરાંત કોલેજના એન.સી.સી. યુનિટને ચલાવવામાં પ્રો. ટી.બી.આઝાદ તથા આચાર્યશ્રીનો આભારી છું કે, તેઓએ પણ મને સતત માર્ગદર્શન પુરૂ પાડયુ છે.

આભાર


ATIONAL CADET CORPS
RUN FOR UNITY
35 GUJ BN- PALANPUR
D.N.P. ARTS & COMMERCE COLLEGE - DE
Unity gives us dare and strength to face challenges.
करे हम ऐसा काम, बनी रहेगी देश की शान.
Unity symbolizes that 'one for all, all for one'
अनेकता में एकता, यही भारत की विशेषता.














7 Gujarat Battalion NCC
रा कै को
NCC
रा कै को
NCC


ડીસા








NATIONAL CADET CORPS
NCC
PALANPUR


NATIONAL CADET CORPS
NCC
COLLEGE


NATIONAL CADET CORPS
NCC
PALANPUR
D.N.P. ARTS
COMMERCE
COLLEG
DEESA

